ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

શિક્ષક અભિરૂચિ કસોટી

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ GH/SH/2/BMS- 1109- 1906-G તા.૧૧-૨-૨૦૧૧થી રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની પસંદગી કરવા માટે "રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્ય (પસંદગી માટેની કાર્યરીતિ) નિયમો, ૨૦૧૧" કરવામાં આવ્યા છે. આ નિયમોની જોગવાઇ મુજબ સરકાર પાસેથી સહાયક અનુદાન મેળવતી રજિસ્ટર થયેલી ખાનગી બિન-સરકારી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્યોની પસંદગી કરવા માટે શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાની રહે છે, જેના અનુસંધાને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર તે અંગેની જાહેરાત આજરોજ બહાર પાડે છે. સરકાર પાસેથી સહાયક અનુદાન મેળવતી રજિસ્ટર થયેલી ખાનગી બિન-સરકારી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્યોની પસંદગી માટે લેવાનાર શિક્ષક અભિરૂચિ કસોટીનો કાર્યક્રમ આ જાહેરાતમાં જણાવ્યા મુજબનો રહેશે.

ક્રમ	વિગત	સમયગાળો
૧	વર્તમાન પત્રોમાં કસોટી અંગે જાહેરાત આપવાની તારીખ	૧૮-૯-૨૦૧૧
૨	OJASની વેબસાઇટ પર TAT નું ઓનલાઇન રજીસ્ટ્રેશન ફોર્મ મૂકવાની તારીખ.	૧૮-૯-૨૦૧૧
૩	ઉમેદવારોએ TAT નું રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા ઓનલાઇન અરજી કરવાનો સમયગાળો	તા. ૧૮-૯-૨૦૧૧ થી તા. ૨૭-૯-૨૦૧૧ સુધી
૪	રીસીવીંગ સેન્ટર ખાતે ફીઝીકલી ફોર્મ સ્વીકારવાનો સમયગાળો	તા. ૧૯-૯-૨૦૧૧ થી તા. ૨૮-૯-૨૦૧૧ સુધી સમય સવારે ૧૧-૦૦ થી સાંજે ૫-૦૦ સુધી (જાહેર રજાના દિવસો બાદ કરતાં)
૫	કસોટીની તારીખ (૧) આચાર્ય - અભિરૂચિ કસોટી - વહીવટી સંચાલન (૨) માધ્યમિક શિક્ષકો - અભિરૂચિ કસોટી - ખાસ વિષયને લગતી કસોટી (3) ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો - અભિરૂચિ કસોટી - ખાસ વિષયને લગતી કસોટી	 - ૨૧/૧૦/૨૦૧૧ - ૨૭/૧૧/૨૦૧૧ - ૨૦/૧૧/૨૦૧૧

(વિગતવાર કાર્યક્રમ માટે વેબ-સાઇટ www.gseb.org જોતા રહેવું)

(વિભાગ-૧)

TAT સંબંધી જરૂરી અગત્યની માહિતી અને માર્ગદર્શક બાબતો.

(૧) ઓનલાઇન ફોર્મ ભરતાં પહેલાં:-

ઉમેદવારે http:/ojas.guj.nic.in વેબસાઇટ પર તા. ૧૮/૯/૨૦૧૧ ના રોજ બપોરના ૧૪-૦૦ કલાક થી તા.૨૭/૯/૨૦૧૧ના રોજ સમય રાત્રીના ૧૨-૦૦ કલાક સુધીમાં ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારે પોતાનો તાજેતરનો Photograph (10kb) અને Signature (10kb) સાઇઝથી વધે નહી તે રીતે JPG format માં scan કરી કોમ્પ્યુટરમાં તૈયાર રાખવાની રહેશે; જે ઓનલાઇન અરજીમાં Upload કરવાની રહેશે.

(૨) ઓનલાઇન અરજી કરવાની રીત:-

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં જ ભરવાનું રહેશે.
- દરેક ઉમેદવારે અરજીમાં પોતાનો મોબાઈલ નંબર આપવો ફરજીયાત છે.
- સૌ પ્રથમ http:/ojas.guj.nic.in પર જવું ત્યારબાદ,
- Apply Online પર Click કરવું ત્યાર બાદ,
- આપેલાં વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરવી ત્યારબાદ, તેની નીચે Apply Now બટન પર Click કરવાથી
- Application Format દેખાશે. Application Formatમાં સૌ પ્રથમ ઉમેદવારે Personal Details ભરવી (અહીં લાલ (*) કુદડીની નિશાની જયાં હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
- Personal Details ભરાયા બાદ Basic Educational Details ભરવા માટે Educational Details પર Click કરવું.
- Education and Additional Educational Details પણ ભરવાની રહેશે.
- B.Ed. Details પણ ભરવાની રહેશે.
- ત્યાર બાદ Other Education Details ભરવી
- પરીક્ષા સ્થળની પસંદગી કરવી.
- તેની નીચે Self Declaration માં Yes પર Click કરવું.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે; જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાત સંદર્ભમાં બોર્ડ સાથેના કોઇ પણ પત્રવ્યવહારમાં અવશ્ય દર્શાવવાનો રહેશે.
- Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG Format માં (10 kb) સાઇઝ થી વધે નહી તે રીતે Computer માં હોવા જોઇએ. હવે પેજ ના ઉપરના ભાગમાં Upload Photo પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ, OK પર Click કરો. અહીં Photo અને Signature Upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઉંચાઇ

અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signature નું માપ ૨.૫ સે.મી. ઉચાઇ અને ૭.૫. સે.મી. પહોળાઇ રાખવી) હવે Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં Jpg Format માં તમારો Photo Store થયેલો છે તે ફાઇલને Select કરો અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં Upload Button પર Click કરો. બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ Upload કરવાની રહેશે.

- હવે પેજના ઉપરના ભાગમાં Confirm Application પર Click કરો અને Application Number તથા Birth Date Type કર્યા બાદ OK પર Click કરવાથી બે (૨) બટન ૧) Application Preview તથા ૨) Confirm Application દેખાશે. ઉમેદવારે Show Application Preview પર Click કરી પોતાની અરજી જોઇ લેવી. ઉમેદવાર અરજી Confirm કર્યા પહેલાં કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકશે, પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર Click કરવું. Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં Online સ્વીકાર થઇ જશે અહીં **Confirm Number Generate** થશે; જે ત્યારપછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirm Number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કે પરીક્ષાની લગતી કોઇપણ કાર્યવાહી કરી શકાશે નહી. **મોબાઇલ ઉપર કન્ફર્મ નંબરનો SMS આવશે.**

(3) ફી ની વિગતઃ-

તમામ ઉમેદવારો માટે પરીક્ષા ફી રૂપિયા ૨૫૦/- (અંકે રૂપિયા બસો પચાસ પુરા) રહેશે. પરીક્ષા ફી ભરવા માટે ઉમેદવારે વેબસાઇટ પર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે Online Application Form મુક્યુ છે તેની સાથે જ Payment Option માં Axis Bankની પે-સ્લીપ મુકેલ છે, તે ડાઉનલોડ કરતાં A-4 સાઇઝના પેપર પર ત્રણ પે-સ્લીપ છાપેલી નીકળશે. પે-સ્લીપ ભરી Axis Bankની ગુજરાતની કોઇ પણ શાખામાં ફી રોકડમાં જમા કરાવવાની રહેશે. ઉમેદવારે આ સેવા માટે Axis Bankને રૂ. ૧૦/- અલગથી ચાર્જ ચુકવવાનો રહેશે.

ખાસ નોંધઃ- ડાંગ જિલ્લામાં Axis Bank ની શાખા ન હોવાથી ત્યાંના ઉમેદવારોએ TAT ફોર્મના રીસીવીંગ સેન્ટરના અધિકારીને ફી ની રકમ રોકડેથી ચૂકવવાની રહેશે અને તેની પહોંચ મેળવી લેવાની રહેશે. Axis Bank ની પે સ્લીપ રીસીવીંગ સેન્ટરમાં રજુ કરવી.

- પે સ્લીપની ત્રણેય નકલ પર બેંકનો રીસીવીંગ સિક્કો, ટ્રાન્ઝેકશન નંબર અને તારીખ હશે પે–સ્લીપની બે નકલ ઉમેદવારને બેંક દ્વારા પરત આપવામાં આવશે. તે બે નકલમાંથી એક નકલ ઉમેદવાર પોતે રાખશે અને બીજી નકલ ફીઝીકલ ફોર્મની સાથે સામેલ કરવાની રહેશે. ઉપરાંત, ડાઉનલોડ કરેલા ફોર્મમાં પણ Axis Bankનો ટ્રાન્ઝેકશન નંબર અને તારીખ ખાલી બોકસમાં ઉમેદવારે સ્વહસ્તાક્ષરમાં ફોર્મ રજૂ કરતાં પહેલાં લખવાના રહેશે.
- આ જાહેરાત માટે OJASની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરતાં દરેક ઉમેદવારોને જણાવવાનું કે તેઓએ ઓનલાઈન અરજી કરતાં પહેલાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્તમાનપત્રોમાં આપેલ જાહેરાત અને OJAS વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલી જાહેરાત/ સુચનાઓનો વિગતવાર અભ્યાસ કરી લેવો અને ત્યારબાદજ OJAS ની વેબસાઈટ http://ojas.guj.nic.in ઉપર ઓનલાઈન અરજી કરવી. ઓનલાઈન અરજી કરતાં સમયે અરજીની તમામ વિગતો ચોકસાઈ અને કાળજીપૂર્વક સમજી વિચારીને ભરવી. ત્યારબાદ, ફોટો અને સહીની JPG Format માં ફાઈલ Upload કરવી. અરજી Confirm કર્યા પહેલાની પ્રિન્ટ કાઢી ચકાસી જોવી અને જો તમામ વિગત યોગ્ય જણાય તો જ અરજી Confirm કરવી અને ત્યારબાદ આખરી પ્રિન્ટ કાઢવી અને તેની ઝેરોક્ષ પોતાની પાસે અવશ્ય રાખવી.
- ફોર્મ સ્વીકાર્ય અંગેની પહોંચ પણ જે તે સ્વીકાર કેન્દ્ર આપશે.ફોટાની નીચે ઉમેદવારની સહી સ્કેન થયેલી હશે, તેની નીચેના ખાનામાં ફિઝિકલી ફોર્મ સબમીટ કરતી વખતે ઉમેદવારે પુનઃ સહી કરવી.
- ઉમેદવાર પોતે જ ફિઝિકલી ફોર્મ સબમીટ કરવા રીસીવીંગ સેન્ટર પર જાય તે ઈચ્છનીય છે. ફોર્મ ફિઝિકલી સબમીટ કર્યા બાદ રીસીવીંગ સેન્ટર ઉપર તેની ડેટાએન્ટ્રી થવાથી તુરત અરજદારના મોબાઈલમાં SMS આવશે.
- જે ઉમેદવારે રજીસ્ટ્રેશન ફોર્મ સાથે નિયત પરીક્ષા ફીની પે સ્લીપની રસીદ તેમજ અગાઉ જણાવ્યા મુજબનાં સ્વપ્રમાણિત ડોકયુમેન્ટસ આપેલ હશે તે અરજદારો પોતાની કમ્પ્યુટરાઈઝ્ડ હોલટિકિટ આ જ વેબસાઈટ પરથી પોતાનો **રજીસ્ટ્રેશન નંબર અને જન્મતારીખ નાંખવાથી ડાઉનલોડ કરી શકશે.** તે અંગે અગાઉથી વર્તમાનપત્રો અને વેબસાઈટ પર જણાવવામાં આવશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી પરીક્ષા સુધી અદ્યતન માહિતી–વ–સુચના માટે બોર્ડની વેબસાઈટ www.gseb.org જોતાં રહેવું આવશ્યક છે.
- ઉમેદવારે વેબસાઈટ પર મૂકવામાં આવેલ રજીસ્ટ્રેશન ફોર્મ Download કરીને Online submission (with scanned colour photograph and signature) કરવાનું રહેશે. વળી, પ્રિન્ટ સ્વરૂપે વેબસાઈટ પરથી મેળવેલ ફોર્મ સ્વપ્રમાણિત કરી શારિરીક અપંગતા (Physically Handicap)નું પ્રમાણપત્ર (યોગ્ય કિસ્સામાં) તથા પરીક્ષા ફી રૂા. ૨૫૦/– (અંકે રૂા. બસો પચાસ પુરા) Axis Bankમાં પે સ્લીપથી ભર્યા તેની રસીદ સાથે જે તે જિલ્લાના સ્વીકાર કેન્દ્ર પર આપવાનું રહેશે.
- પરીક્ષાનુ સ્થળ ઉમેદવારે પસંદ કર્યા પ્રમાણેનું જ રહેશે.
- જે ઉમેદવારે ખોટી માહિતી આપી હશે તેવા ઉમેદવાર મેરીટમાં આવ્યા હશે તો પણ અમાન્ય ગણાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલ આ શિક્ષક યોગ્યતા કસોટી બાબતે ઉમેદવારોને લાલચ કે છેંતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે. કોઈપણ જાતની લાગવગ લાવનાર ઉમેદવારોને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. અધિકૃત માહિતી માટે બોર્ડની વેબસાઈટ www.gseb.org જોવા નોંધ લેવી.
- જે ઉમેદવારરીસીવીંગ સેન્ટર પર ફીઝીકલી ફોર્મ સબમીટ નહી કરે તેનો પરીક્ષાનો સીટ નંબર ફાળવાશે નહીં તેની દરેક ઉમેદવારે ખાસ નોંધ લેવી.
- ઉમેદવાર જે કેન્દ્ર ઉપર કસોટી આપવા માંગતા હોય તે કેન્દ્રનો વિકલ્પ ઓનલાઈન ફોર્મ સબમીટ કરતી વખતે દર્શાવી શકશે, પરંતુ, ઉમેદવારની કેન્દ્રની બેઠક વ્યવસ્થા અંગે બોર્ડનો નિર્ણય અંતિમ ગણાશે.
- OJAS ની વેબસાઈટ પર અરજદારને OMRનો અભ્યાસ–મહાવરો કરવા માટે નમૂનારૂપ OMR મૂકેલ હશે, તે ડાઉનલોડ કરી ઉમેદવાર પ્રેકટીસ કરી શકે છે.
- ઉમેદવારે હોલટિકિટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે / પાછળ આપેલી સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો. તે જ રીતે પરીક્ષા વખતે આપવામાં આવનાર અને હાલ વેબસાઈટ પર નમૂનારૂપે મૂકવામાં આવેલ OMR સીટ પર છાપેલ તમામ સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે, જેથી પરીક્ષા સમયે કોઈ ગુંચવણ ઉભી ન થાય.

- ઉકત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમ્યાન હેલ્પલાઈન નંબર 1800 233 5500 ઉપર સંપર્ક કરી શકાશે.

(૪) માર્ગદર્શક બાબતો :

- સરકાર પાસેથી સહાયક અનુદાન મેળવતી રજિસ્ટર થયેલી ખાનગી/ બિન–સરકારી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્યોની પસંદગી કરવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) ૨૦૧૧માં નોંધણી તથા ઉપસ્થિત થવા માટે ઓનલાઈન (online) અરજીઓ મંગાવવામાં આવે છે.
- શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) માં ૫૦% ગુણ મેળવનાર ઉમેદવારને શિક્ષક અભિરૂચિ કસોટી (TAT)ના ભારાંકન માટે લાયક (Qualified) ઉમેદવાર ગણવામાં આવશે. પસંદગી યાદી તૈયાર કરવા માટે બોર્ડ દ્વારા લેવાયેલી શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) માં સંબંધિત ઉમેદવારે મેળવેલા ગુણનાં ૭૦% ભારાંકન (weightage) ગુણને આધારે યાદી તૈયાર કરવામાં આવશે.
- ઉમેદવાર જે જગ્યા માટે નિમણુંક માટે શિક્ષક અભિરૂચિ કસોટી (TAT)માં ઉપસ્થિત થવા અરજી કરશે તે જગ્યા માટે નિયત કરેલી શૈક્ષણિક લાયકાતમાં મેળવેલા ગુણમાંથી ગુણનો ભારાંક ૩૦% રહેશે અને આ હેતુ માટે, લાયકાત માટેના મહત્તમ ગુણ રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્ય (પસંદગી માટેની કાર્યરીતિ) નિયમો, ૨૦૧૧ના **પરિશિષ્ટ–૧**માં જણાવ્યા પ્રમાણેનાં રહેશે.
- ઉમેદવારે શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) માં મેળવેલા ગુણ પરિણામની તારીખથી પાંચ વર્ષ સુધી માન્ય રહેશે.
- ઉમેદવારને, શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) માટે વધુમાં વધુ ત્રણ પ્રયત્નોની છુટ આપવામાં આવશે. ઉમેદવાર પ્રથમ પ્રયત્ન કર્યા પછી પ્રથમ પ્રયત્નનાં પરિણામની તારીખથી પાંચ વર્ષની મુદતની અંદર બીજો અથવા ત્રીજો ક્રમિક પ્રયત્ન કરશે તો ઉમેદવારે તેવા પ્રયત્નમાં મેળવેલા ગુણનાં સરેરાશ ગુણને **પરિશિષ્ટ–૨**માં સ્પષ્ટતા કર્યા મુજબ પસંદગી યાદી તૈયાર કરવામાં ધ્યાનમાં લેવામાં આવશે (જુઓ રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્ય (પસંદગી માટેની કાર્યરીતિ) નિયમો, ૨૦૧૧નાં પરિશિષ્ટ–૨).
- કોઈપણ વ્યકિત TATની પરીક્ષાની અરજી કરવાથી અથવા તેમાં ઉત્તિર્ણ થવાથી નોકરી મેળવવાનો હકદાર ગણાશે નહી, આ માટે શિક્ષણ વિભાગના તા.૧૧/૨/૨૦૧૧ના જાહેરનામાથી રચવામાં આવેલી પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

(૫) જિલ્લા કક્ષાએ TATનાં ફીઝીકલ રીતે રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવાનાં સ્વીકારકેન્દ્રોના નામ–સરનામાં તથા સંપર્ક નંબર નીચે મુજબ છે :

ક્રમ	જિલ્લાનું નામ	કોડ નંબર	સરનામુ અને ફોન નંબર
૧	અમદાવાદ શહેર	50	સરકારી કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, રાયખડ, ખમાસા ચાર રસ્તા, અમદાવાદ શહેર ☎-26442961 Mob.9909970201
૨	અમદાવાદ ગ્રામ્ય	51	જિલ્લા શિક્ષણ તાલીમભવન, રાયખડ, અમદાવાદ ☎-**2**6563262 Mob.**9909970202**
૩	અમરેલી	52	શ્રી પ્રજ્ઞાચક્ષુ વિદ્યાલય, (અંધશાળા) ચિતલ રોડ, અમરેલી ☎-02792 222936 Mob.**9909970203**
૪	ભુજ–કચ્છ	53	જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, પો.બો.નં.૬, આનંદ કોલોની સામે, એન.સી.સી. ઓફીસની બાજુમાં, **જિ. ભુજ–કચ્છ – ૩૭૦૦૦૧.** ☎- ૦૨૮૩૨ ૨૫૦૧૫૬ Mob.**9909970204**
૫	ખેડા (નડીયાદ)	54	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સરકારી ગેસ્ટ હાઉસ સામે, આર.ટી.ઓ કંપાઉન્ડ, **જિ.નડીયાદ – ૩૮૭૦૦૧.** ☎-0268 2550183 Mob.**9909970205**
૬	ગાંધીનગર	55	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, બહુમાળી મકાન, સેકટર–૧૧, છઠ્ઠો માળ, **ગાંધીનગર** ☎ 079-23220314 Mob. 9427300776
૭	જામનગર	56	શ્રી નવાનગર સરકારી હાઈસ્કુલ જયશ્રી સીનેમા સામે, જાનગર તા.જિ.જામનગર ☎-0288-2553321/**૨૫૪૧૧૪૫** Mob. **9909970206**

૮	જુનાગઢ	57	સ્વામિ વિવેકાનંદ વિનય મંદિર ટાઉનહોલ પાસે, કાળવા ચોક,જૂનાગઢ ☎-0285-2630151 Mob. **9909970207**
૯	ડાંગ આહવા	58	સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, આહવા, **જિ. ડાંગ – ૩૯૪૩૧૦.** ☎- 02631 220260 Mob. **9909970208**
૧૦	પંચમહાલ (ગોધરા)	59	સરકારી તેલંગ વાણિજય વિદ્યાલય, ગોધરા સિવિલ હોસ્પીટલ સામે, ગોધરા, જિ.પંચમહાલ–૩૮૪૦૦૧ ☎-02672 242240 Mob. **9909970209**
૧૧	બનાસકાંઠા (પાલનપુર)	60	સરકારી ઉ.મા.શાળા, પાલનપુર જહાઆરા બાગ પાસે, ડેરી રોડ, પાલનપુર, **જિ.બનાસકાંઠા–૩૮૫૩૧૦** ☎-02742-257055 Mob. **9909970210**
૧૨	ભરૂચ	61	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, હોસ્ટેલ ગ્રાઉન્ડ, ભરૂચ, **જિ. ભરૂચ – ૩૯૨૦૦૧.** ☎-2642-240424 Mob. **9909970211**
૧૩	ભાવનગર	62	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, એસ.ટી. ડેપોની બાજુમાં, બહુમાળી ભવન એનેક્ષી બિલ્ડીંગ, **જિ. ભાવનગર– ૩૬૪૦૦૧** ☎-0278-2426629 Mob. **9909970212**
૧૪	મહેસાણા	63	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા કલેકટર કચેરીના કમ્પાઉન્ડમાં, ૪થો માળ, બહુમાળીભવન, **જિ. મહેસાણા – ૩૮૪૦૦૧.** ☎-02762-221171 Mob **9909970213**
૧૫	રાજકોટ	64	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, **c/o** મોહનદાસ ગાંધી વિદ્યાલય, જયુબીલી બાગ પાસે, **જિ.રાજકોટ – ૩૬૦૦૦૨.** ☎- Mob. 9909970214
૧૬	વડોદરા	65	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, અનાવલભવનની સામે, પી.ટી.સી. કોલેજ બિલ્ડીંગ, કારેલી બાગ, **જિ. વડોદરા –૩૯૦૦૦૧.** ☎ 0265-**૨૪૬૧૭૦૩,** 2461683. Mob. 9909970215
૧૭	વલસાડ	66	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, કલેકટર કચેરી કંપાઉન્ડ, પાંચમાં માળે, **જિ. વલસાડ–૩૯૬૦૦૧.** ☎ 02632-254228, Mob. 9909970216
૧૮	સાબરકાંઠા (હિંમતનગર)	67	શ્રી હિંમત હાઈસ્કુલ, નંબર–૧, સ્ટોશન રોડ, હિંમતનગર **જિ. સાબરકાંઠા – ૩૮૩૦૦૧.** ☎ 02772-240793/9909970217
૧૯	સુરત	68	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન–૨,બી બ્લોક, ૩જો માળ,આઠવા લાઈન્સ, **જિ. સુરત – ૩૯૫૦૦૧.** ☎ 0261-2476716 Mob. 9909970218
૨૦	સુરેન્દ્રનગર	69	શેઠ એન.ટી.એમ. હાઈસ્કુલ, વાદીણરા, મેળાના મેદાન પાસે, સુરેન્દ્રનગર–૩૬૩૦૦૧ **ફોન ૦૨૭૫૨ ૨૨૫૬૪૭**
૨૧	આણંદ	73	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સેવા સદન, આણંદ ☎ 02692-258753, Mob. 9909970231
૨૨	પોરબંદર	74	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, ભાવસિંહજી હાઈસ્કૂલ કેમ્પસ, **જિ. પોરબંદર – ૩૬૦૫૭૫.** ☎0286-2253108 Mob. 9909970225

૨૩	દાહોદ	75	જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, આદર્શ નિવાસી શાળાના કેમ્પસમાં, ઉછરવાણ રોડ, દાહોદ, જિ.દાહોદ ☎02673-254807 Mob. 9909970224
૨૪	નર્મદા (રાજપીપળા)	76	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન, ભોયતળીયે , રૂમ નં.૨૨–૨૩, રાજપીપળા , **જિ. નર્મદા** ☎-02640-222603 Mob. 9909970226
૨૫	પાટણ	77	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા કલેકટર કચેરી કમ્પાઉન્ડ બ્લોક–૨, પહેલો માળ,મધ્યસ્થ કચેરી, યુનિવર્સિટી સામે , **જિ. પાટણ – ૩૮૪૨૨૬.** ☎02766-230025 Mob. 9909970222
૨૬	નવસારી	78	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સર હોમી સરકારી ટેકનીકલ હાઈસ્કુલ કમ્પાઉન્ડ, નવસારી છાપરા રોડ, તા.જિ.નવસારી ☎ 02637-232572 Mob. 9909970223
૨૭	તાપી	79	દક્ષિણાપંથ વિવિધલક્ષી વિદ્યાલય, ગ્રામ સેવા સમાજ સંકુલ, ધુલિયા રોડ, વ્યારા ☎-02626-221624

(વિભાગ–૨)

પરીક્ષા યોજના

✷ **TAT માટેનું સંચાલન :**
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા પરીક્ષા સંચાલન કરવામાં આવશે.

✷ **TAT નો અભ્યાસક્રમ :**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનાં જાહેરનામા ક્રમાંક : GH/SH/BMS-1109-1906-G તા.૧૧/૨/૨૦૧૧ની જોગવાઈ મુજબ બોર્ડ તૈયાર કરેલ અને અગાઉ તા.૭/૫/૨૦૧૧ના રોજ બોર્ડની વેબ–સાઈટ પર પ્રસિદ્ધ કરેલો અભ્યાસક્રમ TAT ની પરીક્ષા માટેનો અભ્યાસક્રમ રહેશે.

✷ **TATના પ્રશ્નપત્રનું માધ્યમ :**

ટીચર્સ એપ્ટિટ્યુટ ટેસ્ટ–૨૦૧૧ માટે પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી રહેશે.

✷ **TAT માટે પરીક્ષા માળખું :**

શિક્ષક અભિયોગ્યતા કસોટી (TAT) અંતર્ગત પ્રશ્નપત્રો બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોનાં બનેલા રહેશે. પ્રશ્નપત્રની ભાષાનું માધ્યમ ગુજરાતી રહેશે. હેડમાસ્તરો (આચાર્યો), શિક્ષકો અને વિદ્યાસહાયકોએ બે–બે પ્રશ્નપત્રોની પરીક્ષા આપવાની રહેશે. હેડમાસ્ટરો (અચાર્યો) માટે પ્રથમ અભિયોગ્યતા કસોટી (TAT) નું પ્રશ્નપત્ર ૧૫૦ ગુણનું અને બીજું પ્રશ્નપત્ર વહીવટી સંચાલનનું ૧૦૦ ગુણનું બનેલું રહેશે.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો અને વિદ્યાસહાયકો માટે અભિયોગ્યતા કસોટી માટેનું પ્રશ્નપત્ર ૧૫૦ ગુણનું તથા બીજું પ્રશ્નપત્ર તે જે જગ્યા માટે ઉમેદવારી કરતા હોય તે વિષયવસ્તુ તેમજ મેથડ (પધ્ધતિ) આધારિત પ્રશ્નોનું ૧૦૦ ગુણનું બનેલું રહેશે. પ્રશ્નપત્રમાં ભાષાનાં વિષયો માટે ભાષાની કક્ષા નીચે મુજબની રહેશે.

વિષય	**પ્રશ્નપત્ર**
ગુજરાતી	પ્રથમ ભાષા
અંગ્રેજી	દ્વિતિય ભાષા (Second Language)
હિન્દી	દ્વિતિય ભાષા

✹ **TAT માટેનાં પ્રશ્નપત્રોનું સ્વરૂપ :**

બહુવિકલ્પ પ્રકારનું હેતુલક્ષી (MCQ) પ્રશ્નોનું બનેલું પ્રશ્નપત્ર રહેશે. જવાબમાં ચાર વિકલ્પો આપવામાં આવશે, જેમાંથી એક સાચો વિકલ્પ પસંદ કરી OMR Sheetમાં જે તે પ્રશ્નના ક્રમાંક સામે આપેલા ચાર વિકલ્પો A, B, C, D, પૈકી સાચા જવાબ સામે વર્તુળ ● ઘટ્ટ કરવાનું રહેશે.

✹ **પરીક્ષાખંડમાં પ્રશ્નપુસ્તિકા અને O.M.R. Answer Sheet વિતરણ :**

૧. પરીક્ષાખંડમાં જેટલા ઉમેદવારોની બેઠક વ્યવસ્થા ફાળવવામાં આવેલ હશે તેટલી પ્રશ્નપુસ્તિકા અને ઉત્તરપત્રિકા ઉપલબ્ધ રહેશે.

૨. પ્રશ્નપુસ્તિકા સાથે **O.M.R. Answer Sheet** આપવામાં આવશે. પ્રશ્નપુસ્તિકાના ઉપરના ભાગે જમણી બાજુએ પ્રશ્નપુસ્તિકાનો ક્રમાંક દર્શાવેલો હશે. ઉમેદવારે આ નંબર તેને આપવામાં આવેલી **O.M.R. Answer Sheet** ઉપર તે અર્થે નિયત કરેલી જગામાં નોંધવાનો રહેશે. ઉપરાંત ઉમેદવારે પત્રક–૦૧ અને પ્રવેશપત્રમાં નિયત કરેલ કોલમમાં (ખાનામાં) પ્રશ્નપુસ્તિકાનો પ્રકાર સ્વહસ્તાક્ષરમાં પણ લખવાનો / દર્શાવવાનો રહેશે.

૩. પરીક્ષાખંડમાં પ્રશ્નપુસ્તિકા સિલબંધ પેકેટમાંથી મળેલ હોય તે જ ક્રમમાં પરીક્ષા ખંડના દરેક ઉમેદવારને વહેચવામાં આવશે. આ અંગે ખંડ નિરીક્ષકને સૂચના આપવામાં આવશે.

✹ **પ્રશ્નપુસ્તિકા ઉપરની વિગતોનો અભ્યાસ કરી વિગતો ભરવા બાબત :**

૧. પ્રશ્નપુસ્તિકા ઉપર પ્રિન્ટ કરેલ પ્રશ્નપુસ્તિકાના ક્રમાંક જ ઉત્તરપત્રિકામાં ભર્યો છે કે નહીં તે ચેક કરવું.

૨. પ્રશ્નપુસ્તિકા ઉપર પ્રશ્નપુસ્તિકાના કુલ પાનાની સંખ્યા હશે તે મુજબ પ્રશ્નપુસ્તિકાના પાનાની સંખ્યા ચેક કરી લેવી. કોઈ પાના અપૂર્ણ / ન વાંચી શકાય તેવા/ ફાટેલા હોય તો ખંડ નિરીક્ષકનું અવશ્ય ધ્યાન દોરવું.

૩. પ્રશ્નપુસ્તિકાનું સીલ (લોક સ્ટીકર) ખંડ નિરીક્ષકની સૂચના મળ્યેથી જ ખોલવાનું રહેશે.

૪. રફકામ માટે પ્રશ્નપુસ્તિકામાં દરેક પાના ઉપર સૌથી નીચે નિશ્ચિત જગ્યા રહેશે, ઉપરાંત પ્રશ્નપુસ્તિકાના સૌથી છેલ્લા પાના ઉપર જગ્યા આપવામાં આવશે.

અધ્યક્ષ

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૭ / ૦૯ / ૨૦૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર